For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

કોર્પોરેટરનો દારૂ પીધેલો વીડિયો ઉતારી બ્લેકમેઈલિંગ શરૂ કર્યાની ચર્ચા

માસ્ક મેન બની કોર્પોરેટર-વેપારી પાસે રૂ.૫૦ લાખની ખંડણી માગી, નહીં આપે તો જાનથી મારી નાખવાની ધમકી

વીડિયો વાયરલ નહીં કરવા માટે બ્લેકમેઇલિંગ, રૂ.૨૫ હજાર પડાવ્યા; મુખ્ય આરોપી શ્રેય પટેલ ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા. 30

વડોદરામાં ગણપતિના ફાળાની માગણીથી શરૂ થયેલો વિવાદ રૂ.50 લાખની ખંડણી અને બ્લેકમેઈલિંગ સુધી પહોંચ્યો છે. જૂના પાદરા રોડ પર સેલ્સ કોર્નર નામે ઈલેક્ટ્રોનિક્સનો વેપાર કરતા વિશેષ ઠક્કર અને વોર્ડ નંબર 12ના કોર્પોરેટર સ્મિત પટેલને વીડિયો વાયરલ કરવાની ધમકી આપી રૂ.50 લાખની માગણી કર્યાની ફરિયાદ ગોત્રી પોલીસમાં નોંધાઈ છે. જાનથી મારી નાખવાની અને રાજકીય કારકિર્દી ખતમ કરવાની ધમકી આપી ઈસ્કોન મંદિર પાસે રૂ.25 હજાર પડાવ્યાનો પણ આક્ષેપ છે. પોલીસે મુખ્ય આરોપી માસ્ક મેન શ્રેય પટેલને ઝડપી પાડ્યો છે.

વાસણા-ભાયલી રોડ પર જલ્યાન બંગ્લોઝમાં રહેતા 30 વર્ષીય વિશેષ ઠક્કરે ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગણપતિ સ્થાપનાના થોડા સમય પહેલાં કોફીન કેફે પાસે બેઠા હતા ત્યારે શ્રેય પટેલ ત્રણથી ચાર સાગરીતો સાથે આવ્યો હતો. ગણપતિના ફાળાની માગણી કરતાં વિશેષે અન્ય જગ્યાએ ફાળો આપ્યો હોવાનું જણાવી ઈનકાર કર્યો હતો. આથી ઉશ્કેરાયેલા શ્રેયે મોંઘી

ગાડીઓમાં ફરે છે અને તારા પિતાએ ઘણા રૂપિયા બનાવ્યા છે, ફાળો આપવો જ પડશે તેવી ધમકી આપી હતી.

ત્યારબાદ મોડી રાત્રે શ્રેય સાગરીતો સાથે વિશેષના ઘરે પહોંચ્યો હતો અને તેમને ડંડાથી માર માર્યો હતો. વચ્ચે પડેલા સ્મિત પટેલ અને દેવ દોષી સાથે પણ મારામારી કરી હતી. પોલીસની દરમિયાનગીરી બાદ સમાધાન થયું હતું.

ભાજપ વિરોધી બેનરોના વિવાદ વચ્ચે ખંડણીના આક્ષેપ

ક્રાંતિકારી સેનાના શ્રેય પટેલ સહિતના લોકોએ અગાઉ વડોદરામાં ભાજપ વિરોધી બેનરો લગાવી વિરોધ નોંધાવ્યો હતો. વડાપ્રધાનને સંબોધીને ભાજપમાં સુધારા કરવાની માગ કરતા સંદેશા પણ મૂક્યા હતા. આ રાજકીય વિરોધની પ્રવૃત્તિઓ વચ્ચે ખંડણીના આક્ષેપ સામે આવતાં શહેરમાં ચર્ચા જાગી છે. જોકે, બંને બાબતો વચ્ચે કોઈ સીધો સંબંધ છે કે કેમ તે તપાસનો વિષય છે

જોકે, ત્યારબાદ શ્રેયે સ્મિતને વોટ્સએપ કોલ કરી મળવા બોલાવ્યા હતા. પોતાની પાસે બંનેનો વીડિયો હોવાનું અને તેને વાયરલ કરવા રૂ.80 લાખની ઓફર મળી હોવાનો દાવો કરી રૂ.50 લાખ આપવાની માગણી કરી હતી. અંતે ઈસ્કોન મંદિર પાસે રૂ.25 હજાર ટોકન પેટે લીધા હોવાનો આક્ષેપ છે. તા.19 ઓક્ટોબરે બંનેએ રૂ.50 લાખ આપી શકે તેમ નહીં હોવાનું જણાવતાં શ્રેયે બદનામ કરવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ, પાર્ટી દરમિયાન કોર્પોરેટર અને તેમના મિત્રો દારૂ પીધેલી હાલતમાં હોવાનો વીડિયો ઉતારી બ્લેકમેઈલિંગ શરૂ કરાયું હતું. જોકે, આ વિગતોની સત્તાવાર પુષ્ટિ થઈ નથી.

SAMCO કંપનીના નામે શેરબજારમાં રોકાણ કરાવી શરૂઆત કરાવી

૭૦૬ ટકાના નફાની લાલચે ઠગે યુવક પાસેથી રૂ.૧૩.૬૩ લાખ ખંખેરી લીધા

એપમાં રૂ.૩.૯૬ કરોડનો નફો બતાવી રકમ ઉપાડવા ૨૦ ટકા લેખે રૂ.૧૯.૨૫ લાખની પરફોર્મન્સ ફી માગતાં ઠગાઈનો પર્દાફાશ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 30

શેરબજારમાં રોકાણ કરીને રાતોરાત કરોડપતિ બનવાની લાલચમાં વડોદરાના 34 વર્ષીય યુવકે રૂ.13.63 લાખ ગુમાવ્યા છે. સાયબર ઠગોએ જાણીતી SAMCO Securities Limited કંપનીના નામે બનાવટી એપ્લિકેશન અને વોટ્સએપ ગ્રૂપ બનાવી 706 ટકા નફાની લાલચ આપી હતી. શરૂઆતમાં નાની રકમ પરત આપી વિશ્વાસ જીત્યા બાદ એપમાં રૂ.3.96 કરોડનો નફો બતાવ્યો હતો. જોકે, આ રકમ ઉપાડવા રૂ.19.25 લાખની પરફોર્મન્સ ફી માગતાં યુવકને છેતરપિંડીનો અહેસાસ થયો હતો.

વડોદરાના ગુરુકુળ ચાર રસ્તા પાસે ગોવર્ધન ટાઉનશિપમાં રહેતા અને ગેંડા સર્કલ પાસે ભારતી સોફ્ટેક કંપનીમાં ડિલિવરી એનાલિસ્ટ તરીકે નોકરી કરતા કેવલ ઉમરિયા (ઉં.વ.34) ને ગત 27 જુલાઈએ Threads એપ પર એક અજાણ્યા એકાઉન્ટમાંથી મેસેજ આવ્યો હતો. શેરબજારની ટિપ્સ આપતા વોટ્સએપ ગ્રૂપમાં જોડાવાની ઓફર બાદ તેમને Prosper Together ગ્રૂપમાં સામેલ કરાયા હતા. તેમાં જિમિત મોદી અને સાનવી વાધવા નામે ઓળખ આપતા શખ્સો પોતાને SAMCO કંપનીના ડિરેક્ટર અને મેનેજર ગણાવી રોકાણની ટિપ્સ આપતા હતા.

ત્યારબાદ 21 ઓગસ્ટે Sam-pro નામની બનાવટી એપ ડાઉનલોડ કરાવી પિતાના પાનકાર્ડ અને બેન્કની વિગતોના આધારે ટ્રેડિંગ એકાઉન્ટ બનાવાયું હતું. શરૂઆતમાં રૂ.20 હજારનું રોકાણ કરાવ્યા બાદ રૂ.100 અને પછી રૂ.20 હજાર પરત આપી વિશ્વાસ જીત્યો હતો. આથી કેવલે પિતાના બેન્ક ખાતામાંથી અલગ-અલગ ખાતાઓમાં કુલ રૂ.13.63 લાખ ટ્રાન્સફર કર્યા હતા. દરમિયાન 7 ઓક્ટોબરે એપમાં 706 ટકા નફા સાથે રૂ.3.96 કરોડની રકમ દર્શાવવામાં આવી હતી. રકમ ઉપાડવા માટે ઠગોએ રૂ.19.25 લાખની પરફોર્મન્સ ફી બે દિવસમાં ભરવાની શરત મૂકી હતી. આથી શંકા જતાં કેવલે SAMCOના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર કંપનીના નામે ચાલતી બનાવટી એપ અને ગ્રૂપ અંગેની ચેતવણીનો વીડિયો જોયો હતો. પોતાની સાથે છેતરપિંડી થયાનું સમજાતાં 15 ઓક્ટોબરે 1930 હેલ્પલાઇન પર ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તપાસ હાથ ધરી છે.

ભવન્સ સ્કૂલમાં ૮૦થી વધુ શિક્ષકોનો મેનેજમેન્ટ સામે વિરોધ

જૂના સ્ટાફને હેરાનગતિ અને ધમકી આપવાના આક્ષેપો

બંને પક્ષે પોલીસમાં સામસામી અરજીઓ

(પ્રતિનિધિ) વડોદરા. તા.30

વડોદરાના મકરપુરા વિસ્તારમાં આવેલી ભવન્સ સ્કૂલમાં નવા મેનેજમેન્ટની કથિત નીતિઓ સામે 80થી વધુ શિક્ષકો અને કર્મચારીઓએ વિરોધ નોંધાવ્યો છે. મેનેજમેન્ટ દ્વારા અનુભવી અને વર્ષોથી ફરજ બજાવતા કર્મચારીઓને માનસિક રીતે હેરાન કરવામાં આવતા હોવાના આક્ષેપો સાથે શિક્ષકોમાં રોષ ફેલાયો છે.

શિક્ષકોનો આક્ષેપ છે કે કોઈને કોઈ બહાને જૂના કર્મચારીઓને નોકરીમાંથી દૂર કરવાના પ્રયાસો થઈ રહ્યા છે. ઉપરાંત, ડરાવવા અને ધમકાવવા માટે અયોગ્ય ભાષાનો ઉપયોગ થતો હોવાની તેમજ શિક્ષકોને રૂમમાં પૂરી દેવાની ધમકી અપાતી હોવાની પણ રજૂઆત કરવામાં આવી છે.

આ અંગે અગાઉ આંતરિક સ્તરે અનેક વખત રજૂઆતો કરવા છતાં ઉકેલ ન આવતા મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. શિક્ષકો અને મેનેજમેન્ટ પક્ષે એકબીજા સામે અરજીઓ આપી છે. બીજી તરફ, શાળાનાં સુપરવાઈઝર જયશ્રીબેને પણ શિક્ષકો સામે અરજી આપી છે. તેમણે જણાવ્યું હતું કે શાળા પરિસરમાં વીડિયો ઉતારવાની બાબતે માત્ર ગેરસમજ ઊભી થઈ હતી, જેને મોટું સ્વરૂપ આપવામાં આવ્યું છે. મકરપુરા પોલીસે બંને પક્ષોની અરજીઓ સ્વીકારી સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે. તપાસ બાદ હકીકત બહાર આવશે.

આ વિવાદને પગલે શાળાના શૈક્ષણિક વાતાવરણ અને વિદ્યાર્થીઓના અભ્યાસ પર અસર થવાની ચિંતા પણ વ્યક્ત થઈ રહી છે. હાલ વાલીઓ પણ સમગ્ર ઘટનાક્રમ પર નજર રાખી રહ્યા છે. પોલીસની તપાસમાં બંને પક્ષે કરેલા આક્ષેપોની સત્યતા અને વિવાદ પાછળનાં કારણો સ્પષ્ટ થવાની શક્યતા છે.

રૂ.૩૦૭.૮૩ કરોડનાં ૨૩ પ્રોજેક્ટ્સ ખુલ્લા મુકાશે

એકતાનગરને મળશે વિકાસની ૩૧ ભેટ, રૂ.૪૨૬.૭૧ કરોડનાં કામોનું વડાપ્રધાન લોકાર્પણ-ખાતમુહૂર્ત કરશે

નવી ક્રૂઝ, રેઇન ફોરેસ્ટ, ઇકો-ટ્રૈઇલ અને IRCTC હોટલ પ્રવાસીઓ માટે આકર્ષણ બનશે

રૂ.118.88 કરોડનાં 8 કામોનું ખાતમુહૂર્ત; ગોરા-ભાણદ્રા રોડ, ખલવાણી બ્રિજ અને સ્માર્ટ ઝીરો વેસ્ટ પ્રોજેક્ટનો સમાવેશ

(પ્રતિનિધિ) એકતાનગર, તા. 30

વડાપ્રધાન નરેન્દ્ર મોદી 30 અને 31 ઓક્ટોબરના રોજ ગુજરાતના એકતાનગરની મુલાકાતે આવશે. સરદાર વલ્લભભાઈ પટેલની 151મી જન્મજયંતી નિમિત્તે યોજાનારી રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં ભાગ લેવા સાથે તેઓ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સરદાર સાહેબને શ્રદ્ધાંજલિ અર્પણ કરશે. આ મુલાકાત દરમિયાન એકતાનગરને પ્રવાસન અને માળખાકીય સુવિધાઓની રૂ.426.71 કરોડની વિકાસભેટ આપશે. કુલ 31 વિકાસકાર્યોમાં 23 કામોનું લોકાર્પણ અને 8 કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવશે.

વડાપ્રધાન રૂ.307.83 કરોડના ખર્ચે તૈયાર થયેલા 23 પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરશે. તેમાં રૂ.50 કરોડની IRCTC હોટલ, રૂ.16 કરોડની નવી એકતા ક્રૂઝ, રૂ.14.30 કરોડનો રેઈન ફોરેસ્ટ અને રૂ.3.67 કરોડની ઈકો-ટ્રેઈલ જેવા નવાં પ્રવાસન આકર્ષણોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત રૂ.45.53 કરોડનો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, રૂ.21.40 કરોડનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, રૂ.23.81 કરોડનો પરેડ ટ્રેક અને રૂ.28.22 કરોડના ટ્રાવેલેટર્સ પણ પ્રવાસીઓ માટે સુવિધા વધારશે.

રૂ.23 કરોડના ખર્ચે 24 મીટર કોલોની રોડ અને રૂ.14.25 કરોડના સ્ટાફ ક્વાર્ટર્સ સહિત વિવિધ માળખાકીય કામો પણ ખુલ્લાં મુકાશે. આ ઉપરાંત CISF બેરેક, મોખડી ગામ પાસે ટર્મિનલ બિલ્ડિંગ અને જેટ્ટી, વૉક-વે, વોટર સ્ટેશન, આકર્ષક ફુવારા, શૂલપાણેશ્વર નર્મદા ઘાટનું સૌંદર્યકરણ, ફસાડ લાઈટિંગ, એકતા પ્રકાશ પર્વ અને યુનિટી ગ્લો ગાર્ડનનું અપગ્રેડેશન કરવામાં આવ્યું છે. બે નવી ઈલેક્ટ્રિક બસો અને વિવિધ શિલ્પ-સ્થાપત્યો પણ પ્રવાસીઓ માટે આકર્ષણ બનશે.

વડાપ્રધાન રૂ.118.88 કરોડના આઠ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરશે. તેમાં રૂ.59.32 કરોડનો ગોરા-ભાણદ્રા રોડ, રૂ.7.72 કરોડનો ખલવાણી બ્રિજ, રૂ.5.79 કરોડનો કેક્ટસ અને બટરફ્લાય ગાર્ડનનો સંકલિત વિકાસ તથા રૂ.36.58 કરોડનો સ્માર્ટ ઝીરો વેસ્ટ ઈન્ટિગ્રેટેડ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેક્ટ સામેલ છે. આ ઉપરાંત ખલવાણી ઈકો ટુરિઝમનો રૂ.5.15 કરોડનો પ્રોજેક્ટ, વાઘડિયા રોડનું વિસ્તરણ અને સરદાર સરોવર ડેમની સુરક્ષા માટે ડિઝાસ્ટર કંટ્રોલ રૂમનું નિર્માણ પણ હાથ ધરાશે.

આ વિકાસકાર્યો થકી એકતાનગરમાં પ્રવાસન આકર્ષણો વધવાની સાથે પ્રવાસીઓ માટે પરિવહન, સ્વચ્છતા અને અન્ય પાયાની સુવિધાઓ વધુ મજબૂત બનશે.

એસટી બસ સ્ટેશનો પર શૌચાલયના ઉપયોગ બદલ ચાર્જ નહીં વસૂલાય

નાણાં ઉઘરાવવા પર સદંતર પ્રતિબંધ, તમામ બસ સ્ટેન્ડ પર ફ્રી ના બોર્ડ લાગશે

જો કોઈ ડેપોમાં પૈસા વસૂલાયા તો સંબંધિત ડેપો મેનેજર સામે સીધી સસ્પેન્શનની કાર્યવાહી થશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.30

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા મુસાફરોના હિતમાં એક ખૂબ જ મોટો અને મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યના તમામ એસટી બસ સ્ટેશનો ખાતે હવે શૌચાલયનો ઉપયોગ મુસાફરો માટે સંપૂર્ણપણે નિઃશુલ્ક કરી દેવામાં આવ્યો છે.

નવા પરિપત્ર અનુસાર, હવેથી બસ સ્ટેશન પરિસરમાં ટેબલ, ખુરશી કે ગલ્લો રાખીને મુસાફરો પાસેથી શૌચાલયના ઉપયોગ બદલ

નાણાં ઉઘરાવવા પર સદંતર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

આ ઉપરાંત, મુસાફરોની જાણકારી માટે તમામ બસોની અંદર અને બહાર શૌચાલય વપરાશ નિઃશુલ્ક છે, તેવા મોટા બોર્ડ પણ લગાવવામાં આવશે. જીએસઆરટીસી ના આ નવા નિયમનું ચુસ્તપણે પાલન કરાવવા માટે કડક સૂચનાઓ આપવામાં આવી છે. જો રાજ્યના કોઈપણ એસટી ડેપોમાં મુસાફરો પાસેથી શૌચાલયના નામે પૈસા વસૂલવામાં આવશે, તો તેવા કિસ્સામાં સંબંધિત ડેપો મેનેજર સામે સીધી જ સસ્પેન્શનની શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવશે. નિગમના આ નિર્ણયથી લાખો મુસાફરોને મોટી રાહત મળશે.

એશિયાની એકમાત્ર ૯ એરક્રાફ્ટવાળી એરોબેટિક ટીમ સૂર્યકિરણની શહેરમાં આગમન

■ ભારતીય વાયુસેનાની વિશ્વપ્રસિદ્ધ એરોબેટિક ટીમ સૂર્યકિરણ ભાવનગરમાં તા. 31 ઓક્ટોબરે એર શો યોજશે. આ માટે ટીમ વડોદરા આવી પહોંચી છે અને દરજીપુરા એરફોર્સ સ્ટેશનથી ઉડાન ભરશે. એશિયાની એકમાત્ર નવ વિમાન ધરાવતી આ ટીમના પાયલટ આકાશમાં રોમાંચક કરતબો રજૂ કરશે. માત્ર પાંચ મીટરના અંતરે ઉડતાં નવ જેટ વિમાનોની અદભુત રચનાઓ અને સિંક્રો મનુવરિંગ એર શોનું મુખ્ય આકર્ષણ બનશે.

લિસ્ટેડ બુટલેગર નીલુ સિંધી સહિત અન્ય ગુનાના પાંચ ગુનેગારોને પાસા

દારૂની હેરાફેરી કરનારા બુટલેગરો અને ઘરફોડ ચોરીના આરોપીઓ જેલભેગા

(પ્રતિનિધિ) વડોદરા તા.30

વડોદરા શહેરમાં દારૂની ગેરકાયદે હેરાફેરી અને ઘરફોડ ચોરીની પ્રવૃત્તિઓ ચલાવતા પાંચ આરોપીઓ સામે પોલીસ કમિશનર નરસિમ્હા કોમારે પાસા હેઠળ કાર્યવાહી કરી છે. લાંબો ગુનાહિત ઈતિહાસ ધરાવતા લિસ્ટેડ બુટલેગર નીલુ સિંધી સહિત પાંચ આરોપીઓને પાસા વોરંટની બજવણી કરી જેલમાં ધકેલી દેવાયા છે. શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા પોલીસ દ્વારા અસામાજિક તત્ત્વો સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

વડોદરા શહેરમાં અસામાજિક તત્ત્વો સામે પોલીસે પાસા હેઠળ સપાટો બોલાવ્યો છે. પાણીગેટ પોલીસ સ્ટેશનના પ્રોહિબિશન ગુનામાં ઉત્તમ જયસ્વાલ સહિતની ટોળકી સામે કાર્યવાહી કરવામાં આવી છે. જ્યારે કપુરાઈ પોલીસના ગુનામાં હ્યુન્ડાઈ વેન્યુ કારમાંથી 1,744 વિદેશી દારૂની બોટલો અને કાર સહિત રૂ.17.15 લાખનો મુદ્દામાલ ઝડપાયો હતો.

બીજી તરફ બાપોદ પોલીસના દારૂની હેરાફેરી અને કટિંગના ગુનાઓમાં લિસ્ટેડ બુટલેગર નિલેશ ઉર્ફે નીલુ સિંધી હરેશ નાથાણી સામે પાસાની કાર્યવાહી કરવામાં આવી છે. નીલુ સિંધી સામે વર્ષોથી દારૂ સહિતના અનેક ગુનાઓ નોંધાયેલા હોવાનું પોલીસ રેકોર્ડમાં સામે આવ્યું છે. આ ઉપરાંત ફતેગંજ પોલીસના ઘરફોડ ચોરીના ગુનામાં નથન વિઠ્ઠલભાઈ માળી અને છાણી પોલીસના ગુનામાં કિશન દિનેશભાઈ કહારને પાસા હેઠળ અટકાયતમાં લેવામાં આવ્યા છે. પોલીસ કમિશનરના આદેશ બાદ પાંચેય આરોપીઓને જેલમાં મોકલવાની કાર્યવાહી કરાઈ છે. વિવિધ પોલીસ સ્ટેશનો દ્વારા ગુનાહિત પ્રવૃત્તિઓ પર સતત નજર રાખવામાં આવી રહી છે.

વડોદરા નજીક રણોલીમાં કેમિકલ માફિયાઓનો ત્રાસ

દુર્ગંધથી ગ્રામજનો પરેશાન, અવાજ ઉઠાવનાર યુવાનોને મારી નાખવાની ધમકી

ગેરકાયદેસર પ્રવૃત્તિનો વિડીયો ઉતારતા જ મામલો ગરમાયો

ગ્રામજનોએ પોલીસ તંત્ર અને GPCB પાસે કડક કાર્યવાહીની માંગ કરી

(પ્રતિનિધિ) વડોદરા તા.30

વડોદરા જિલ્લાના રણોલી ગામમાં કેમિકલ ભરેલા ટેન્કરો અને વાહનો ગેરકાયદેસર રીતે મન ફાવે ત્યાં ખાલી કરવામાં આવતી હોવાની ગંભીર ઘટના સામે આવી છે, જેને લઈને સ્થાનિક ગ્રામજનોમાં ભારે રોષ અને ચિંતા ફેલાઈ ગઈ છે.

રણોલી વિસ્તારમાં ખુલ્લેઆમ છોડવામાં આવતા કેમિકલના કારણે વાસ અને દુર્ગંધ ફેલાતા ગ્રામજનોનું

જીવન મુશ્કેલ બન્યું છે અને સ્વાસ્થ્ય સામે પણ મોટો ખતરો ઊભો થયો છે. આ ગેરકાયદેસર પ્રવૃત્તિનો પર્દાફાશ કરવા અને સત્ય બહાર લાવવા માટે જ્યારે સ્થાનિક યુવાનોએ આખી ઘટનાનો વિડિયો ઉતારવાનો પ્રયાસ કર્યો હતો, ત્યારે મામલો વધુ ગરમાયો હતો. વિડિયો બનાવનાર અને વિરોધ કરનાર આ યુવાનોને ગંભીર ધમકીઓ આપવામાં આવી હોવાના આક્ષેપો થયા છે. એટલું જ નહીં, અવાજ ઉઠાવનારા એક યુવકના ઘરે જઈને તેના પર હુમલો કરવાનો પણ પ્રયાસ કરવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે.

આ સમગ્ર પ્રકરણને પગલે ગ્રામજનો અને સ્થાનિક યુવાનોમાં તંત્ર સામે આક્રોશ જોવા મળી રહ્યો છે. ગ્રામજનો દ્વારા માંગ કરવામાં આવી છે કે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા તાત્કાલિક સ્થળ તપાસ કરવામાં આવે. આ કેમિકલ ક્યાંથી લાવવામાં આવે છે, કોના દ્વારા ખાલી કરવામાં આવે છે અને આ માટે કોઈ જરૂરી પરવાનગીઓ લેવામાં આવી છે કે નહીં તેની ઊંડાણપૂર્વક તપાસ થાય તેવી લોક માંગ ઉઠી છે.

આ મામલે સ્થાનિકોએ પોલીસ તંત્ર પાસે પણ નિષ્પક્ષ તપાસ કરી જવાબદારો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે. સાથે જ, સત્ય ઉજાગર કરવા માટે અવાજ ઉઠાવનાર યુવકોને પૂરતી સુરક્ષા પૂરી પાડવામાં આવે તેવી પણ ઉગ્ર માંગ કરવામાં આવી રહી છે.

વડોદરામાં ડોર-ટુ-ડોરના કૌભાંડનો પર્દાફાશ કચરો બહાર વેચાતો હોવાનો આક્ષેપ

યુથ કોંગ્રેસ પ્રમુખ પવન ગુપ્તાની ટીમે સ્થળ પર તપાસ કરી, હિસાબની ડાયરી મળી આવ્યાનો દાવો

(પ્રતિનિધિ) વડોદરા તા.30

વડોદરા શહેરમાં ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેક્શનની ગાડીઓ દ્વારા એકત્રિત કરાતો કચરો નિયમ મુજબ ડમ્પિંગ યાર્ડ ખાતે પહોંચાડવાનો હોય છે. પરંતુ આ કચરો ડમ્પિંગ યાર્ડ સુધી પહોંચાડવાને બદલે કેટલાક જવાબદાર અધિકારીઓની સંડોવણીથી સીધો બહાર વેચી દેવામાં આવતો હોવાની ગંભીર બાબત સામે આવી છે.

આજે વડોદરા શહેર યુથ કોંગ્રેસના પ્રમુખ પવન ગુપ્તાની આગેવાનીમાં સ્થળ પર તપાસ કરી આ ગેરરીતિનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. તપાસ

દરમિયાન સ્થળ પરથી કચરાના વેચાણ અને તેના બદલામાં મળતી રકમની લેતીદેતીનો હિસાબ નોંધેલી ડાયરી પણ મળી આવી હોવાનો દાવો કરાયો છે. આ ઘટનાએ મહાનગરપાલિકાની કચરા વ્યવસ્થાપન પ્રક્રિયા સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે. યુથ કોંગ્રેસે આ મામલે નિષ્પક્ષ અને ઉચ્ચસ્તરીય તપાસની માંગ કરી છે. સાથે જ કથિત કૌભાંડમાં સંડોવાયેલા જવાબદાર અધિકારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવા, મળેલી ડાયરી અને પુરાવાઓની તપાસ કરી સમગ્ર હિસાબ જાહેર કરવા અને પાલિકાને થયેલા આર્થિક નુકસાનની જવાબદારી નક્કી કરવા માંગ ઉઠાવી છે.

CBSEના ધો.૯ના વિદ્યાર્થીઓને રાહત, હવે માત્ર પાંચ વિષયની જ બોર્ડ પરીક્ષા

વોકેશનલ સબ્જેક્ટ પસંદ કરવાની છૂટ આપી, ત્રણ મોડ્યુલ બોર્ડમાં ગણાશે નહીં

(પ્રતિનિધિ) વડોદરા, તા.30

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા ધોરણ 9માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે બોર્ડે તેની સ્ટડીઝ સ્કીમમાં મોટો ફેરફાર કર્યો છે. અગાઉ ત્રણ મોડ્યુલ અથવા સબ્જેક્ટને પણ બોર્ડ પરીક્ષામાં સામેલ કરવામાં આવતા હતા, પરંતુ હવે નવી સ્કીમ મુજબ આ ત્રણ વોકેશનલ સબ્જેક્ટને બોર્ડની મુખ્ય ગણતરીમાં સામેલ કરવામાં આવશે નહીં.

આ શૈક્ષણિક સત્ર 2026-27 માં ધોરણ 9 માં ભણી રહેલા વિદ્યાર્થીઓ આવતા વર્ષે 2027-28 માં જ્યારે ધોરણ 10 ની બોર્ડ પરીક્ષા આપશે, ત્યારે તેઓએ માત્ર પાંચ ફરજિયાત વિષયોની જ બોર્ડ પરીક્ષા આપવાની રહેશે. આ પાંચ વિષયોમાં બે ભાષાઓ, ગણિત, વિજ્ઞાન અને સોશિયલ સાયન્સ સમાજ વિજ્ઞાન નો સમાવેશ થાય છે.

સૌથી મહત્વની વાત એ છે કે, સીબીએસઈએ વોકેશનલ સબ્જેક્ટ પસંદ કરવાની વિદ્યાર્થીઓને સંપૂર્ણ છૂટ આપી છે. અગાઉ ત્રણ મોડ્યુલ અથવા સબ્જેક્ટને પણ બોર્ડ પરીક્ષામાં સામેલ કરવામાં આવતા હતા, પરંતુ હવે નવી સ્કીમ મુજબ આ ત્રણ વોકેશનલ સબ્જેક્ટને બોર્ડની મુખ્ય ગણતરીમાં સામેલ કરવામાં આવશે નહીં. બોર્ડના આ નિર્ણયથી વિદ્યાર્થીઓ પરનો ભાર ઘટશે અને તેઓ મુખ્ય પાંચ વિષયો પર વધુ ફોકસ કરી શકશે. આ નવી સ્કીમ સ્ટુડન્ટ્સ માટે કેટલીક રાહત લઈને આવી છે તેમ માનવામાં આવી રહ્યું છે.

સોની પરિવારના સામૂહિક આપઘાત કેસમાં ત્રણ પાનાની સુસાઇડ નોટમાં ખુલાસો

દેવામાંથી બહાર આવે માટે દીકરીએ એક લાખ વખત રામનું નામ લખ્યું અને ખાટું શ્યામની બાધા પણ રાખી

૫૫ લાખનું દેવું ચૂકવવા મકાન પણ વેચી દીધું, છતાં આર્થિક સંકટમાંથી પરિવાર બહાર ન આવી શક્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.30

વડોદરાના અટલાદરા વિસ્તારમાં હેલ્થકેર કંપનીનાં માલિક આરતીબેન સોનીએ પુત્ર નીલંક અને પુત્રી જેની સાથે સામૂહિક આપઘાત કર્યાના બનાવમાં પોલીસને ત્રણ પાનાની સુસાઈડ નોટ મળી છે. પ્રાથમિક તપાસમાં પરિવાર પર આશરે 35 લાખ રૂપિયાનું દેવું હોવાનું સામે આવ્યું છે.

29 ઓક્ટોબરે બનેલી આ ઘટનામાં દેવું ચૂકવવા માટે પરિવારે મકાન વેચી દીધું હોવા છતાં આર્થિક મુશ્કેલીઓ યથાવત્ રહી હતી. મકાનના દસ્તાવેજની પ્રક્રિયા બાકી હોવાનો પણ સુસાઈડ નોટમાં ઉલ્લેખ છે.

આપઘાત પહેલાં પુત્રી જેનીએ એક લાખ વખત ભગવાન રામનું નામ લખ્યું હતું અને ખાટુ શ્યામની બાધા રાખી હતી. ઘરમાં કામ કરતી મહિલાને હેરાન ન કરવા વિનંતી પણ કરવામાં આવી છે. પોલીસે ત્રણ મોબાઈલ ફોન અને સુસાઈડ નોટ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે. પોસ્ટમોર્ટમમાં ત્રણેયનાં મોત ગળેફાંસો ખાવાથી થયાનું સ્પષ્ટ થયું હતું.

મકાનનો રૂ.૧.૧૦ કરોડમાં સોદો ખરીદનારે રૂ.૭૭ લાખ ચૂકવ્યા હતા

સોની પરિવારના સામૂહિક આપઘાત કેસમાં પોલીસે મકાન ખરીદનાર શૈલેષ પટેલની પૂછપરછ કરી હતી. મકાનનો રૂ.1.10 કરોડમાં સોદો થયો હતો, જેમાંથી રૂ.77 લાખ ચૂકવાયા હતા. આ રકમ ક્યાં વપરાઈ તેની તપાસ માટે પોલીસે બેંક સ્ટેટમેન્ટ મંગાવી નાણાકીય વ્યવહારોની વિગતો મેળવવાની કાર્યવાહી હાથ ધરી છે.

બે માસનું ૪ લાખ ભાડું ચડી ગયું

સોની પરિવારના સામૂહિક આપઘાત કેસમાં હોસ્પિટલની નબળી આર્થિક સ્થિતિ સામે આવી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, હોસ્પિટલમાં રોજના માત્ર એકથી બે દર્દીઓ આવતા હતા. હોસ્પિટલનું માસિક ભાડું રૂ.2 લાખ હતું અને બે મહિનાથી ભાડું ચૂકવાયું નહોતું. આવકના અભાવે સ્ટાફના પગાર સહિતના ખર્ચને પહોંચી વળવામાં પરિવાર આર્થિક તણાવમાં હતો.